# પાલેજની કંપનીમાંથી રૂ.4.50 લાખની ઝીંક બોટમ ડ્રોસની ચોરી

**2થી 17 ફેબ્રુઆરી દરમિયાન ત્રણેક શખ્સ કમ્પાઉન્ડ વોલ કૂદી તબક્કાવાર ચોરી કરી ફરાર થઈ ગયા**

ભરૂચ: ભરૂચ જિલ્લાના પાલેજ GIDC વિસ્તારમાં સ્ટીલકો ગુજરાત લિમિટેડ કંપનીમાં 4.50 લાખ રૂપિયાના મુદ્દામાલની ચોરી થયાની ઘટના સામે આવતા ઉદ્યોગવર્તુળોમાં ચકચાર મચી ગઈ છે. કંપનીનું કંપાઉન્ડ લાંઘી અંદર પ્રવેશી અજાણ્યા શખ્સો બાય પ્રોડક્ટ તરીકે ઉપયોગમાં લેવાતા ઝીંક બોટમ ડ્રોસની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનું બહાર આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરાના વાઘોડિયા-ડભોઇ રિંગ રોડ પાસે રહેતા રાજેશ રાવલ પાલેજ સ્થિત સ્ટીલકો ગુજરાત લિમિટેડમાં જનરલ મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગત 17 ફેબ્રુઆરીના રોજ કંપનીના સ્ટોર હેડ દ્વારા જાણ કરવામાં આવી હતી કે પ્લાન્ટના પાછળના ભાગે 2થી 3 શખ્સ ઝીંક બોટમ ડ્રોસ લઈને ભાગતા નજરે પડ્યા હતા. સિક્યુરિટી સ્ટાફે તેમનો પીછો કર્યો હતો, પરંતુ શખ્સો ઝાડી-ઝાંખરાનો લાભ લઈને ફરાર થઈ ગયા હતા.

પ્રાથમિક તપાસ દરમ્યાન ઘટનાસ્થળે ઝીંક બોટમ ડ્રોસના 8 પીસ જમીન પર પડેલા મળી આવ્યા હતા. ત્યારબાદ સ્ટોરમાં વિગતવાર ચકાસણી કરતા જાણવા મળ્યું કે 2 ફેબ્રુઆરીથી 17 ફેબ્રુઆરી વચ્ચે અજાણ્યા શખ્સોએ તબક્કાવાર કુલ 4.50 લાખ રૂપિયાની મત્તાનો સામાન ચોરી કર્યો હતો.

બનાવ અંગે પાલેજ પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કીમ-ઓલપાડ હાઈવેની કાંસમાં કાર ખાબકતા બે મહિલાનાં મોત

**બ્યુટી** પાર્લર સંચાલિક પોતાની હેલ્પર સાથે ઓર્ડર પર જઈ રહી હતી ત્યારે અણીતા-બોલાવ ગામ વચ્ચે અકસ્માત

**રસ્તા** પર મરેલું ભૂંડ જોતાં સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો


ઈબ્રાહીમ કાનુ


ઈબ્રાહીમ કાનુ

કીમ: કીમ-ઓલપાડ સ્ટેટ હાઈવે 65 પર મોડી સાંજે ફરી એકવાર ગંભીર અકસ્માત સર્જાયો હતો. બોલાવ ગામ નજીક આર્યમ સ્કૂલના ગેટ સામે સ્વિફ્ટ કાર સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા રોડની બાજુની કાસમાં ખાબકી હતી, જેમાં બે મહિલાના મોત નીપજ્યા હતા.

મળતી માહિતી મુજબ, બારડોલીથી હાંસોટ તાલુકાના શેરા ગામે બ્યુટી પાર્લરના ઓર્ડર માટે જઈ રહેલી મહિલાની કાર ઓલપાડ તાલુકાના અણીતા-બોલાવ ગામ વચ્ચે અકસ્માતનો ભોગ બની હતી. રસ્તા પર મૃત હાલતમાં પડેલા ભૂંડને જોતા મહિલાએ સ્ટિયરીંગ પરથી કાબૂ ગુમાવ્યો હોવાનું પ્રાથમિક અનુમાન છે. પરિણામે કાર રોડની સાઈડની ગટરમાં ખાબકી હતી. અકસ્માતમાં કાર ચલાવી રહેલા ઝંખનાબેન મૈસુરિયા (વિહાન ઝંખના બ્યુટી પાર્લરના માલિક)નું ઘટના સ્થળે જ કરુણ મોત થયું હતું. જ્યારે તેમની સાથે સવાર સહાયક વર્ષાબેન મિસ્ત્રી (રહે. શ્રી રેસિડેન્સી, બારડોલી)ને ગંભીર ઇજાઓ સાથે કીમની સાધના હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે સુરતની કિરણ હોસ્પિટલ લઈ જતાં કામરેજ નજીક તેમનું પણ મોત નીપજ્યું હોવાની માહિતી મળી છે. અકસ્માતની જાણ થતાં જ આસપાસના રહીશો, આગેવાનો, કીમ પોલીસ સ્ટેશનની ટીમ, 112 ઈમર્જન્સી વાન અને 108 એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. કારને કાંસમાંથી બહાર કાઢી બંને મહિલાઓને સારવાર માટે ખસેડવામાં આવી હતી, પરંતુ અંતે બંનેને બચાવી શકાયા નહોતા.

**કીમ ઓલપાડ સ્ટેટ હાઈવેની બાજુમાં ખુલ્લી કાંસ જીવલેણ**

કીમ-ઓલપાડ સ્ટેટ હાઇવે 65 પર વારંવાર સર્જાતા અકસ્માતોને લઈને સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે. રસ્તા પર છૂટા રખડતા ઢોરના કારણે અકસ્માતોની સંખ્યા વધતી હોવાનું જણાઈ રહ્યું છે. તો બીજી તરફ આ સ્ટેટ હાઈવેને અડીને બનાવાયેલી કાંસ પણ તદ્દન ખુલ્લી છે. કોઈ આડાશ ન હોવાથી વાહન સીધું જ કાંસમાં ખાબકે છે અને અકસ્માત જીવલેણ બને છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભાટકોલના ચાર વર્ષના હમજા મલેકે રોજો રાખી ઇબાદત ગુજારી


ઈબ્રાહીમ કાનુ

હથોડા: હાલમાં મુસ્લિમોનો પવિત્ર રમઝાન માસ ચાલે છે ત્યારે ગામડાઓમાં નાના બાળકો પણ રમઝાનના રોજા રાખવા માટે ઉત્સુકતા દાખવે છે. ભાટકોલ ગામે ચાર વર્ષના હમઝા સાજીદ મલેકે રોજો રાખી આખો દિવસ પરિવાર સાથે રહીને અલ્લાહની ઇબાદત ગુજારી સાંજે રોજો છૂટવાના ટાઈમે ઇફ્તારી કરી હતી. ચાર વર્ષના માસુમ બાળકે રોજો રાખતા પરિવારે તેને ફૂલહારથી નવાઝ્યો હતો.

### કામરેજની જે. પી. પટેલ હાઈસ્કૂલમાં ઇનામ વિતરણ અને વિદાય શુભેચ્છા સમારંભ યોજાયો



સુરત: કામરેજ વિભાગ કેળવણી મંડળ સંચાલિત જે. પી. પટેલ હાઈસ્કૂલ કામરેજમાં તા-20-2-2026 ના રોજ ઇનામ વિતરણ અને વિદાય શુભેચ્છા સમારંભ દેરોદ નિવાસી પરેશભાઈ પટેલના અધ્યક્ષપણા હેઠળ યોજાયો. કામરેજ વિભાગ કેળવણી મંડળના મંત્રી નવીનભાઈ પટેલ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. કેળવણી મંડળના પ્રમુખ ગુણવંતભાઈ પટેલ , ઉપપ્રમુખ બાબુભાઈ પટેલ અને સહમંત્રી હિતેન્દ્રભાઈ પટેલ દ્વારા પ્રાસંગિક પ્રવચન કરાયું. કુલ 78 જેટલાં બાળકોએ ઈનામ પ્રાપ્ત કર્યા. 2025ની બોર્ડની પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર તેમજ વિષયોમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને ચેતનભાઈ પટેલ દ્વારા કુલ 9300 રૂપિયાનું રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરાયા. સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું, માધ્યમિક વિભાગના આચાર્ય અમિતભાઈ ગજ્જરે પ્રાસંગિક પ્રવચન કર્યું. ધોરણ 10ના કેટલાક બાળકોએ પોતાના શાળા જીવનના પ્રતિભાવ આપી શાળા પ્રત્યેનું પોતાનું ઋણ શબ્દો દ્વારા અભિવ્યક્ત કર્યું હતું. પ્રાથમિક વિભાગના આચાર્ય સત્યેનભાઈ પટેલે આભારવિધિ કરી. સફળ સંચાલન હળપતિ વર્ષાબેન અને નિલાક્ષીબેન પટેલે કર્યું હતું.

### પીપોદરા GIDC હાઈવે ક્રોસ કરતી વેળા વાહન અડફેટે શ્રમજીવીનું મોત

હથોડા: મૂળ બિહારનો વતની અને હાલ પીપોદરા જીઆઇડીસીમાં સેવન સ્ટાર એલ્યુમિનિયમ કંપનીમાં હેલ્પર તરીકે કામ કરતો બ્રજેશ કુમાર વિનેશ રામચંદ્ર યાદવ (ઉંમર વર્ષ 19) બજારમાં અનાજ કરિયાણું લેવા ગયો હતો. તે રૂમ પર પરત ફરી રહ્યો હતો ત્યારે પીપોદરા જીઆઇડીસી નજીક હાઈવે ક્રોસ કરવા જતા હાઇવે પરથી ધસી આવેલા અજાણ્યા વાહને બ્રિજેશકુમારને અડફેટમાં લેતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલમાં લઈ જતા ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. બનાવ અંગે પાલોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### નેત્રંગ નગરમાં આંકડાનો જુગાર રમાડતી મહિલા ઝડપાઈ

નેત્રંગ: નેત્રંગ- રાજપારડી રોડ પર આવેલા નવી વસાહત ફળિયા વિસ્તારમાં રહેતી અલ્પા મિતેશભાઈ વસાવા પોતાના ઘરની આગળ આવેલા ઓટલા પર બેસી આંક ફરકના આંકડાનો જુગાર રમી રમાડી રહી હોવાની બાતમીના આધારે પોલીસે તેને ઝડપી પાડી હતી. પોલીસે કુલ રૂ.230નો મુદામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

### પલસાણાના એના ગામે ખેતરમાંથી મહાકાય અજગરનું રેસ્ક્યુ



પલસાણા: પલસાણા તાલુકામાં આવેલા એના ગામના પાદર ફળિયા વિસ્તારમાં આજે સવારે એક વિશાળ અજગર મળી આવતા પંથકમાં ચકચાર મચી ગઈ હતી. એના ગામના રહીશ રાકેશભાઈ પટેલના ખેતરમાં સવારના સમયે મજૂરો ખેતીકામ કરી રહ્યા હતા, તે દરમિયાન ખેતરના નાકા પાસે આવેલા એક ઊંડા ખાડામાં અચાનક આ અજગર નજરે પડ્યો હતો. ખેત મજૂરોએ તાત્કાલિક આ અંગેની જાણ ખેતર માલિક રાકેશભાઈને કરી હતી. પરિસ્થિતિની ગંભીરતા જોઈ તેમણે ગામના જાગૃત નાગરિક રાજ પટેલનો સંપર્ક સાધ્યો હતો. રાજ પટેલે ત્વરિત કાર્યવાહી કરતા 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલ્ફેર ટ્રસ્ટ'ની ટીમનો સંપર્ક કર્યો અને ટીમના સભ્ય પિયુષભાઈ હળપતિને ઘટનાસ્થળે બોલાવ્યા હતા. પિયુષભાઈએ ભારે જહેમત બાદ ખાડામાં ફસાયેલા અજગરને બહાર કાઢી તેનું રેસ્ક્યુ કર્યું હતું. જે અંગે સંસ્થાના પ્રમુખ જતીન રાઠોડને જાણ કરવામાં આવી હતી. અંતે, નિયમ મુજબ આ અજગરનો કબજો પલસાણા વન વિભાગની રેન્જને સોંપવામાં આવ્યો હતો.

### નવીપારડી પાસે ગૌમાસનાં જથ્થા સાથે એક ઝડપાયો


વિશાલ પટેલ

કામરેજ: કામરેજના નવીપારડી પાસેથી મોપેડ પર 41 કિલો ગૌમાસ લઈ જતાં ઈસમને કામરેજ પોલીસે પકડી પાડ્યો હતો. નવીપારડી ગામે અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નંબર 48 પર મોપેડ પર ગૌમાસનો જથ્થો લઈને એક ઈસમ આવી રહ્યો હોવાની માહિતીના આધારે પોલીસે સુઝુકી બગમેન મોપેડ (નં. જીજે 19 બીકે 3511) પર સવારને અટકાવીને તપાસ કરતાં મોપેડના આગળના ભાગે શંકાસ્પદ માંસનો જથ્થો મળી આવ્યો હતો. બાદમાં મોપેડની ડીકીમાં પણ જથ્થો મળી આવતા મોપેડસવાર સિરાજ ઉસ્માન માસ્તર (ઉં.વ.57, રહે., પટેલ ફળિયું, હથોડા, તા.માંગરોળ)ને પકડીને માંસના જથ્થા બાબતે પશુ ચિકિત્સક પાસે તબીબી પરિક્ષણ કરાવતા ગૌમાંસ હોવાનુ બહાર આવતા પોલીસે 41 કિલો ગૌમાંસનો જથ્થો પકડી પૂછપરછ કરતાં ભરૂચ જિલ્લાના ખરોડ ગામે ફેજલ રહીમ શાહ પાસેથી લાવીને આંબોલી ખાતે મસ્જીદ ખાતે રહેતા મોઝુદને આપવાનો હોવાનુ જણાવતા પોલીસે ગુનો નોંધી ગૌમાંસના જથ્થાને જમીનમાં દાટી દેવામાં આવ્યો હતો.

# ભરૂચમાં રમઝાન માસ ચાલુ થતાં ટ્રાફિકની સમસ્યા વકરી

**ઇફ્તાર** અને તરાવીહના સમયે માર્ગો પર વાહનોની લાંબી કતારોથી જનતા પરેશાન, સુચારુ વ્યવસ્થા કરવા વિપક્ષી નેતા સમસાદ અલી સૈયદની રજૂઆત

ભરૂચ: ભરૂચ શહેરમાં પવિત્ર રમઝાન માસ દરમિયાન શહેરના મુખ્ય માર્ગો પર વકરતી ટ્રાફિકની સમસ્યાએ નાગરિકોની મુશ્કેલીઓમાં વધારો કર્યો છે. ખાસ કરીને સાંજના સમયે ઈફ્તાર અને રાત્રે તરાવીહની નમાજ વખતે વાહનોના ચક્કાજામને કારણે જનજીવન ખોરવાઈ રહ્યું છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને ભરૂચ નગરપાલિકાના વિપક્ષી નેતા સમસાદ અલી સૈયદે વહીવટી તંત્રને આ બાબતે યોગ્ય આયોજન કરવાની માંગ સાથે પત્ર પાઠવી રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, ભરૂચના ભોલાવ ઢાળથી લઈને મદીના હોટલ સુધીનો માર્ગ, મોહંમદપુરા બાયપાસ, શિફા સર્કલ અને ફાટાતળાવ જેવા અત્યંત ગીચ વિસ્તારોમાં સાંજના સમયે સ્થિતિ દયનીય બની જાય છે. રમઝાન માસમાં ખરીદી અને અવરજવર વધવાને કારણે રસ્તાઓ પર વાહનોની લાંબી કતારો લાગે છે, જેના લીધે રોજાદારો સમયસર ઘરે પહોંચી શકતા નથી. આ ટ્રાફિક જામની સીધી માઠી અસર સ્થાનિક વેપારીઓના ધંધા-રોજગાર પર પણ પડી રહી છે. સૌથી મોટું જોખમ એ છે કે ગંભીર ટ્રાફિકમાં એમ્બ્યુલન્સ કે ફાયર ફાઈટર જેવા ઈમરજન્સી વાહનો ફસાઈ જવાની પૂરેપૂરી શક્યતા છે, જે કોઈ મોટી હોનારતને નોતરી શકે તેમ છે.

**ટ્રાફિક પોઈન્ટ્સ ફાળવવા, પાર્કિંગની વ્યવસ્થા કરવા અને જરૂર જણાય તો ડાયવર્ઝન આપવા માંગ**

વિપક્ષી નેતાએ તંત્ર પાસે માંગ કરી છે કે રમઝાન માસ દરમિયાન સંવેદનશીલ અને ગીચ વિસ્તારોમાં વધારાના ટ્રાફિક પોલીસ પોઈન્ટ્સ ફાળવવામાં આવે. આ ઉપરાંત, જરૂર જણાય ત્યાં ટ્રાફિક ડાયવર્ઝન આપવા અને વાહનોના પાર્કિંગ માટે યોગ્ય સુવિધા ઉભી કરવા પણ ભાર મૂકવામાં આવ્યો છે. તેમણે તંત્રને ટકોર કરી છે કે જો સમયસર નક્કર આયોજન કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં નાગરિકોની હાલાકીમાં ઓર વધારો થશે.

# સાયણ CHCની માથાભારે નર્સની ઉમરગામ બદલી

**ગત** સપ્તાહે એક સગર્ભા અને તેના પરિવારને ધક્કા મારી કાઢી મૂકી ગેરવર્તન કર્યું હતું

સાયણ: સાયણ ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફ નર્સ વર્ગ-૩ તરીકે ફરજ બજાવતી માથાભારે નર્સનું બેહુદુ વર્તન ચર્ચામાં આવતા તેની વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે સી.એચ.સી.માં બદલી કરી દેવામાં આવી છે.

સાયણ ખાતે સી.એચ.સી.માં શ્રીમતી મનિષાબેન જે. ઠાકુર ઘણાં વર્ષોથી નર્સ તરીકે નોકરી કરે છે. ગત સપ્તાહ દરમ્યાન આ માથાભારે નર્સે સી.એચ.સી.માં વેક્સીન મુકાવવા આવેલી એક સગર્ભા માતા તથા તેના નવજાત શિશુ તેમજ તેના પરિવારને ધક્કા મારીને બહાર કાઢી મુક્યા હતા. આ ઘટનાના સમાચાર સોશિયલ મિડીયા સહિતના માધ્યમોમાં પ્રસિદ્ધ થયા હતા. નર્સને પાઠ ભણાવવા ગાંધીનગર ખાતેની કચેરીમાં ફરિયાદ કરી હતી. જેથી તંત્રએ આ મામલે સાયણ સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક તબીબ પાસે નર્સની કામગીરી અને દર્દીઓ સાથે કરેલા વર્તનનો અહેવાલ માંગ્યો હતો.

અહેવાલમાં સ્થાનિક તબીબ અધિક્ષકે નર્સ મનિષા ઠાકુર સારવાર માટે આવતાં દર્દીઓ સાથે ગેરવર્તન કરી ખોટી હેરાનગતિ કરી લોકોને પરેશાન કરે છે. વેક્સીન લેવા આવેલ એક ગર્ભવતી મહિલા અને તેના નવજાત શિશુને ધક્કો મારી બહાર કાઢી મુકી તેનો મોબાઈલ ફોન ઝુંટવી લઈ અપશબ્દો બોલી ગેરવર્તન કરેલ હતું. તે સમયે ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નર્સ વિરૂધ્ધ જાણવા જોગ ફરીયાદ પણ આપવામાં આવી હતી.

હોસ્પિટલના તબીબે રિપોર્ટમાં વધુ જણાવ્યું હતું કે, આ નર્સ હોસ્પિટલમાં સારવાર લેવા આવતાં દર્દીઓને જાતપાત વિશે અભદ્ર શબ્દો બોલે છે અને લેબર રૂમમાં ડિલીવરી સમયે સગર્ભા પ્રસૂતા માતા સાથે અભદ્ર વર્તન કરી વાણી- વિલાસ કરે છે. એટલું જ નહીં પણ આ નર્સ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતાં તમામ કર્મચારીઓ ઉપર બદનક્ષીના આક્ષેપો કરી ખોટા પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપી માનસિક ત્રાસ ગુજારી રહી છે.

આ રિપોર્ટના આધારે ગાંધીનગર ખાતેના આરોગ્ય તબીબી શિક્ષણ અને સેવાઓના કમિશનરે મનિષા ઠાકુરની વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં બદલી કરતો હુકમ કર્યો છે.

# માંડવી નર્સિંગ કોલેજમાં ટ્રાફિક જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો


હિતેશ પટેલ

**વિદ્યાર્થીઓને** 'ટ્રાફિક ગુરુ' બની સમાજમાં ટ્રાફિક સિવિક સેન્સ વિકસાવવા અને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરવા અપીલ

માંડવી: માર્ગ સલામતી અને ટ્રાફિકના નિયમો પ્રત્યે જનજાગૃતિ લાવવા માંડવીની વી કેર નર્સિંગ કોલેજ ખાતે ટ્રાફિક જનજાગૃતિ કાર્યક્રમ પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી (RTO) બારડોલી, સુરત જિલ્લા ટ્રાફિક પોલીસ અને તાપીવન ગ્રામ વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે, બારડોલી લોકસભાના સાંસદ પ્રભુભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

સાંસદ પ્રભુભાઈ વસાવાએ વિદ્યાર્થીઓને 'ટ્રાફિક ગુરુ' બની સમાજમાં ટ્રાફિક સિવિક સેન્સ વિકસાવવા અને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરવા અપીલ કરી હતી. જિલ્લા ટ્રાફિક શાખાના પી.એસ.આઈ. સિસોદિયાએ માર્ગ અકસ્માતોના ચિંતાજનક આંકડા રજૂ કરતા જણાવ્યું કે દેશમાં દર વર્ષે સરેરાશ પાંચ લાખ જેટલા અકસ્માતો સર્જાય છે, જેમાં અંદાજે એક લાખથી વધુ લોકોનાં મોત થાય છે.જેથી યુવાનોને સાવચેતીપૂર્વક વાહન ચલાવવાની સલાહ આપી.

માંડવી પી.આઈ. સી.બી. ચૌહાણે અકસ્માતના પ્રથમ 'ગોલ્ડન અવર'નું મહત્વ સમજાવી ઈજાગ્રસ્તોને સમયસર હોસ્પિટલ પહોંચાડવા અપીલ કરી. RTO બારડોલીના અધિકારીએ ઓવર સ્પીડ, મોબાઈલ વપરાશ અને હેલ્મેટ વિના ડ્રાઈવિંગના જોખમ અંગે માર્ગદર્શન આપ્યું.

આ પ્રસંગે જિલ્લા મહામંત્રી જગદીશ પારેખ, જિ.પં. સભ્ય અને મહામંત્રી રોહિત પટેલ,પાલિકા પ્રમુખ નિમેશ શાહ, નટુભાઈ રબારી,પાર્વતીબેન સાંગઠિયા,APMC ના ચેરમેન લલ્લુભાઈ, તાપીવન ગ્રામ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના સેક્રેટરી મિહિર પી.વસાવા, વી કેર નર્સિંગ કોલેજના આચાર્ય, અગ્રણી પ્રિતેશ રાવલ, અનિલ ચૌધરી, સંગઠન હોદ્દેદારો, મહાનુભાવો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા

# ભરૂચમાં કચરાના ઢગલાં, ને ગાર્બેજ કલેક્ટર્સનો સિટી વગાડી ઉગ્ર વિરોધ

**સતત** ત્રણ દિવસ ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન સેવા બંધ રહેતાં ભરૂચ ગંધાવા લાગ્યું



ભરૂચ: ભરૂચ નગરપાલિકા દ્વારા ચાલતી ડોર-ટુ-ડોર કચરા કલેક્શન સેવા છેલ્લા ત્રણ દિવસથી સંપૂર્ણપણે બંધ છે. પાંચ મહિનાથી પગાર નહીં મળવાના આક્ષેપો સાથે શ્રમિકોએ સિટી વગાડી પ્રબળ વિરોધ નોંધાવ્યો છે. શ્રમિકોએ વેદના ઠાલવીને જણાવ્યું છે કે દરેક કર્મચારીનો લગભગ 70 હજાર રૂપિયાનો પગાર બાકી છે. લાખો રૂપિયાની આ બાકી રકમને કારણે કર્મચારીઓએ આખરે આંદોલનનું રણશીંગુ ફૂંક્યું છે. આ વિકટ સ્થિતિમાં શહેરની સ્વચ્છતા વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. અનેક વિસ્તારોમાં કચરાના ઢગલા થતાં નાગરિકોમાં રોષ વ્યાપ્યો છે અને જાહેર સ્વાસ્થ્ય માટે જોખમી સ્થિતિ સર્જાઈ છે.

આંદોલનના ત્રીજા દિવસે ઝાડેશ્વર વિસ્તારમાં મોટી સંખ્યામાં શ્રમિકો એકઠા થયા હતા. કચરો એકત્રિત કરતી વખતે સિટી વગાડતા વાહનચાલકોએ આજે એકસાથે સિટી વગાડી પ્રદર્શન કર્યું હતું. તમામ વાહનો એકસાથે ઊભા રાખી સેવા ઠપ કરી હતી. નગરપાલિકાએ કોન્ટ્રાક્ટરને નાણાં ચૂકવી દીધા હોવાનો દાવો કર્યો છે, જો કે કામદારો પગાર મળ્યાનું નકારી રહ્યા છે.

**કોન્ટ્રાક્ટરને કડક સૂચના આપી છે, સેવા શરૂ થઈ જશે: ચીફ ઓફિસર**

આ અંગે નગર સેવા સદનના ચીફ ઓફિસર હરીશ અગ્રવાલે જણાવ્યું હતું કે, કોન્ટ્રાક્ટરને કડક સૂચના આપવામાં આવી છે અને શનિવારે સાંજ સુધીમાં સેવા ફરી શરૂ થઈ જશે. જો કે, શહેરવાસીઓ અને કર્મચારીઓ બંને તંત્રના દાવા કરતાં વાસ્તવિક ચૂકવણી અને નિયમિત પગાર વ્યવસ્થા માટે સ્પષ્ટ સમયમર્યાદાની માંગ કરી રહ્યા છે.

## કીમ-કોસંબા વચ્ચે ટ્રેન અકસ્માતમાં અજાણ્યાનું મોત

કીમ: કીમ અને કોસંબા રેલ્વે સ્ટેશન વચ્ચે સુરતથી વડોદરા જતી પેસેન્જર ટ્રેન અકસ્માતમાં એક અજાણ્યા વ્યક્તિનું મોત થયું છે. શુક્રવારે સાંજે સુરતથી વડોદરા જતી પેસેન્જર ટ્રેન નંબર ૧૨૨૬૩ કીમ અને કોસંબા રેલ્વે સ્ટેશન વચ્ચે, કઠોદરા નાળા નજીકથી પસાર થતી હતી.

તે સમયે એક અજાણ્યો ઈસમ રેલવેલાઈન ક્રોસ કરી રહ્યો હતો અને ટ્રેન સાથે અથડાતા તેને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવ સ્થળે જ તેનું મોત નીપજ્યું હતું.

## અંકલેશ્વરમાં જુગાર રમતા એક ઝડપાયો, બે નાસી છૂટ્યા

ભરૂચ: અંકલેશ્વર તાલુકાના જીતાલી ગામે ખાડી કિનારે એક આંબલીના ઝાડ નીચે બાતમીને આધારે પોલીસે છાપો મારતા જુગાર રમતા ઈસમોમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે 47 વર્ષિય હુસેન ઈબ્રાહિમ બાંગી (ધંધો મજૂરી, રહે. દઢાલ ખાડી ફળિયું, તાલુકો અંકલેશ્વર) નામના શખ્સને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. જો કે, પોલીસની પકડમાંથી અન્ય બે આરોપી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે 11,200નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## કડોદરામાં નશાની હાલતમાં છત પરથી કૂદેલા યુવકનું મોત

પલસાણા: પલસાણાના કડોદરા વિસ્તારમાં સત્યમ નગરમાં રહેતા એક ૪૦ વર્ષીય શખ્સે દારૂના નશામાં પોતાની બિલ્ડિંગની છત પરથી નીચે પડતું મૂકતા તેનું ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું છે.

કડોદરાના સત્યમ નગર સ્થિત વિમલસિંહની બિલ્ડિંગમાં રહેતા અમિતરાય મનીલાલ પાસવાન (ઉં.વ.૪૦) ગુરુવારે સાંજે પોતાના ઘરની છત પર દારૂના નશામાં હાલતમાં છત પરથી કૂદી પડ્યા હતા. બનાવને પગલે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત અમિતરાયને પલસાણા સી.એચ.સી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ત્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.